ક્રમાંકઃઅ/એફસીએ/૧૫/૩૦૦૩-૦૪ /૨૦૧૬-૧૭
**મુખ્ય વનસંરક્ષકશ્રીની કચેરી,**
સામાજીક વનીકરણ વર્તુળ,
હાંસોલનર્સરી,ઈન્દીરાબ્રીજ પાસે,
અમદાવાદ. તા.૨૧ : ૧૦ : ૨૦૧૬.

**પ્રતિ,**
**અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,**
જમીન.
ગુજરાત રાજય,ગાંધીનગર.

**વિષય :** ડાયવર્ઝન ઓફ ૦.૦૪૧૦ હેકટર ઓફ પ્રોટેકટેડ ફોરેસ્ટ લેન્ડ ફોર લેર્યીંગ નેચરલ ગેસ પાઈપ લાઈન પેરેલલ ટુ રોડ સાઈડ ઈન તાલુકા ચોટીલા ટુ સપ્લાય ગેસ કનેકસન ટુ સીરામીક ઈન્ડસ્ટ્રીઝ ઈન સુરેન્દ્રનગર જિલ્લો.

**સંદર્ભ :** (૧) વન અને પર્યાવરણ વિભાગ,ગાંધીનગરનાં પત્રાંકઃ FCA/1015/ 1013/ 15/ SF-83/ F / Dt.04-02-2016
(૨) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુજરાત રાજય, ગાંધીનગરનાં પત્રાંકઃ એફસીએ/૨૯-એ/૧૦૬૨-૧૧૩૫/ તા.૧૦/૦૩/૨૦૧૬
(૩) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુજરાત રાજય, ગાંધીનગરનાં પત્રાંકઃજમન/૨૯-એ/બ/૧૬૯૦-૧૭૬૦/ તા. ૨૦/૦૫/૨૦૧૬
(૪) નાયબ વન સંરક્ષકશ્રી સા.વ.વિભાગ-સુરેન્દ્રનગરના પત્રક્રમાક નં B/FCA/ 500-503/ Dt.21-05-2016
(૫) Forest and environment Department No: JMN /1016/1970 /15 /SF- 38/F Dt .15/9/2016

સાદર ઉપરોકત વિષયે સંદર્ભ પત્રો અન્વયે નિવેદન કે, વિષયવાળી દરખાસ્તનો સમાવેશ જે ઉપલી સત્તાએ મોકલેલ હતી અને સૈધ્ધાંતિક મંજુરી કે આખરી મંજુરી બાકી હતી તેવી દરખાસ્તોમાં થાય છે. જે બધી જ દરખાસ્તો ઉપલી સત્તાએથી પરત મોકલવામાં આવેલ હતી અને સંદર્ભપત્ર નંબર- ૧થીૐ થી મળેલ સત્તાનીરૂએ સંદર્ભ પત્ર- ૪ થી દરખાસ્તને સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે અને દરખાસ્ત અન્વયે ભરપાઇ કરવાની થતી એન.પી.વીની રકમ માટે ડીમાન્ડ નોટ પણ મોકલવામાં આવેલ છે. આ રકમ સંદર્ભ નંબર-૨ થી મળેલ સુચના મુજબ Government of India Ad-hoc CAMPA Account No. SB01025208 in the corporation Bank Lodi Road, New Delhi E-portal ઉપર ભરપાઈ કરવા જણાવેલ છે.

સદર દરખાસ્તોની મંજુરી નાયબ વન સંરક્ષકશ્રીની કચેરીએથી આપતા દરખાસ્તો ઓનલાઇન વિભાગીય સ્તરે જ પેન્ડીંગ રહેતી હોવાથી ઓન લાઈન ચલન જનરેટ ન થવાથી ઉપરોકત એકાઉન્ટમાં જણાવ્યા મુજબની રકમની ભરપાઇ કરી શકાતી નથી.

સંદર્ભ નંબર-૫ થી જે દરખાસ્તોની સૈધ્ધાંતિક મંજુરી કે આખરી મંજુરી નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા આપવાની બાકી હોઇ તેમજ દરખાસ્તો માટે ઓનલાઇન ચલન જનરેટ કરી ભરવાની થતી રકમની ભરપાઇ ઉપરોકત એકાઉન્ટ નંબરમાં કરવાની બાકી હોય તેવી તમામ દરખાસ્તો પુનઃ વડી કચેરીએ સાદર કરવા સુચના આપવામાં આવેલ છે જે અન્વયે સદરહું દરખાસ્ત નાયબ વન સંરક્ષકશ્રીની કક્ષાએથી આપવામાં આવેલ સૈધ્ધાંતિક મંજુરીની નકલ,ડીમાન્ડનોટ ઈ.ડી.એસ.થી ઓનલાઈન કરી દરખાસ્તની હાર્ડ કોપી ચાર પ્રતમાં આગળની કાર્યવાહી અર્થે સાદર કરવામાં આવે છે જેની આખરી મંજુરી અંગેની આગળની કાર્યવાહી થઇ આવવા વિનંથી છે.

**(આર.એસ.ઓંજરા)**
મુખ્ય વન સંરક્ષક.
સામાજીક વનીકરણ વર્તુળ,
અમદાવાદ.

નકલ રવાના : નાયબ વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વિભાગ-સુરેન્દ્રનગર જાણ સારૂ.